અપીલ અરજી નં.૩૦૦ તા .૨૭–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૫–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) રાજકમલ બિલીકોન પ્રા.લી.કંપનીએ ૨૪ માસની જગ્યાએ અમરોલી પુલ ૩૯ માસે બાંધ્યો અને અમરોલી પુલના એક સ્થાનની હોનારત થવાથી એક મજુર અને અગિયારથી વધુ ઈસમો ઘાયલ થયા હોવાથી કતારગામ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી કોન્ટ્રાકટરનાં પુત્ર અને કોન્ટ્રાકટરની ધરપકડ કરેલ ત્યારે જ અમો અરજદારે આ ગુનેગારને દિલ્હીગેટથી લાલદરવાજા સુધીનાં બ્રીજનું કામ નહિ આપવાની આરટીઆઈને અરજી કરેલ. આ બ્રીજની સમય મર્યાદા ૨૨ માસની પુરી થયેલ હોવા છતાં ૨૫% પણ કામ થયેલ ન હોવાથી અહીનો ટ્રાફિક જામ કરેલ છે. રાહદારીઓ માટે ન્યુશન અને ત્રાસ ચાલુ છે તેમ છતાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષ આ કોન્ટ્રાકટરને છારવાની જગ્યાએ પેનલ્ટી લગાવી અથવા ડીપોઝીટ જપ્ત કરી રવાના ન કરવા અંગેની માહિતીની નકલ,જે રીતે જહાંગીરા બાદનાં આવાસ યોજનાનુ કામ સમય મર્યાદામાં પુરૂ ન કરનાર ઈજારદાર આંબાપટેલને પોતાના ખર્ચે પુરૂ કરવાનું જણાવેલ છે વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૦/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૫–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) રાજકમલ બિલીકોન પ્રા. લી.કંપનીએ ૨૪ માસની જગ્યાએ અમરોલી પુલ ૩૯ માસે બાંધ્યો અને અમરોલી પુલના એક સ્થાનની હોનારત થવાથી એક મજુર અને અગિયારથી વધુ ઈસમો ઘાયલ થયા હોવાથી કતારગામ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી કોન્ટ્રાકટરનાં પુત્ર અને કોન્ટ્રાકટરની ધરપકડ કરેલ ત્યારે જ અમો અરજદારે આ ગુનેગારને દિલ્હીગેટથી લાલદરવાજા સુધીનાં બ્રીજનું કામ નહિ આપવાની આરટીઆઈને અરજી કરેલ. આ બ્રીજની સમય મર્યાદા ૨૨ માસની પુરી થયેલ હોવા છતાં ૨૫% પણ કામ થયેલ ન હોવાથી અહીનો ટ્રાફિક જામ કરેલ છે. રાહદારીઓ માટે ન્યુશન અને ત્રાસ ચાલુ છે તેમ છતાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષ આ કોન્ટ્રાકટરને છારવાની જગ્યાએ પેનલ્ટી લગાવી અથવા ડીપોઝીટ જપ્ત કરી રવાના ન કરવા અંગેની માહિતીની નકલ ,જે રીતે જહાંગીરાબાદનાં આવાસ યોજનાનુ કામ સમય મર્યાદામાં પુરૂ ન કરનાર ઈજારદાર આંબાપટેલને પોતાના ખર્ચે પુરૂ કરવાનું જણાવેલ છે વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે અપુરતી, અયોગ્ય,અપારદર્શી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પાઠવેલ હોવાનું નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૮ તા.૧૦–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને લાગત જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ હોવા છતાં મુદ્દાવાર, જાહેર માહિતી અધિકારીવાર નારાજગી અંગે આધાર સહ વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં.બીઆરટીએસસેલ/૬૧૯ તા.૧૩–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં પત્ર નં.બીઆરટીએસ સેલ/૪૭૬ તા.૨–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૮૮

તા.૨૪–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૪ તા.૨૬–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ, ડે.ઈજનેર બીઆરટીએસ પ્રોજેકટ, ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ, આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પૂરક વિગતમાં અરજદારને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૭૧ તા.૨–૧૧–૧૧ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૦૯૧/૨૦૧૧ થી મંજુર થયેલ ઠરાવની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં. બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૩ તા.૧૭–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૩ તા.૧૭–૯–૧૧ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારેઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી બીઆરટીસેલ સેલ તરફથી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલને તબદીલ કરેલ પત્રની નકલ, ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૦૨૪ તા.૧૩–૯–૧૧ થી મુદ્દા નં.૭ અંગે અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૩ તા.૧૭–૯–૧૧ થી મુદ્દા નં.૧ અને ૬ ની આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૧૦૬ તા.૨૧–૯–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. વધુમાં અરજદારનેલાગત જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ હોવા છતાં મુદ્દાવાર, જાહેર માહિતી અધિકારીવાર નારાજગી અંગે આધાર સહ વિગતો રજુ કરવા પાઠવેલ પત્રમાં મુદ્દા નં.૧,૬ અને ૭ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ છે પરંતુ મુદ્દા નં.૨ થી ૫ અંગેની માહિતી આજ રોજ સુધી આપેલ નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૫–૮–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૪ તા.૨૬–૮–૧૧ થી સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ, ડે.ઈજનેર બીઆરટીએસ પ્રોજેકટ, ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ, આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે અપુરતી, અયોગ્ય,અપારદર્શી અને ગેરમાર્ગે દોરનારી માહિતી પાઠવેલ હોવાનું નારાજ થઈ તા.૨૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) રાજકમલ બિલીકોન પ્રા.લી.કંપનીએ ૨૪ માસની જગ્યાએ અમરોલી પુલ ૩૯ માસે બાંધ્યો અને અમરોલી પુલના એક સ્થાનની હોનારત થવાથી એક મજુર અને અગિયારથી વધુ ઈસમો ઘાયલ થયા હોવાથી કતારગામ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી કોન્ટ્રાકટરનાં પુત્ર અને કોન્ટ્રાકટર ની ધરપકડ કરેલ ત્યારે જ અમો અરજદારે આ ગુનેગારને દિલ્હીગેટ થી લાલદરવાજા સુધીનાં બ્રીજનું કામ નહિ આપવાની આરટીઆઈને અરજી કરેલ. આ બ્રીજની સમય મર્યાદા ૨૨ માસની પુરી થયેલ હોવા છતાં ૨૫% પણ કામ થયેલ ન હોવાથી અહીનો ટ્રાફિક જામ કરેલ છે. રાહદારીઓ માટે ન્યુશન અને ત્રાસ ચાલુ છે તેમ છતાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષ આ કોન્ટ્રાકટરને છારવાની જગ્યાએ પેનલ્ટી લગાવી અથવા ડીપોઝીટ જપ્ત કરી રવાના ન કરવા અંગેની માહિતીની નકલ,જે રીતે જહાંગીરાબાદનાં આવાસ યોજનાનુ કામ સમય મર્યાદામાં પુરૂ ન કરનાર ઈજારદાર આંબાપટેલને પોતાના ખર્ચે પુરૂ કરવાનું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૩ તા.૧૭–૯–૧૧ થી રીંગરોડ ઉપર દિલ્હીગેટથી લાલ દરવાજા જંકશન સુધી ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ જાહેર ટેન્ડર નોટીસ મંગાવી નિયમ સમયમાં મળેલ ટેન્ડરો પૈકી કવોલીફાઈ થયેલ લોએસ્ટ ટેન્ડરના ટેન્ડરર રાજકમલ બિલ્ડર્સ ઈન્ફાસ્ટ્રકચર પ્રા. લિ. અમદાવાદને સ્થા.સ. ઠ નં.૧૪૨૮/૨૦૦૯ તા.૨૩–૧૦–૦૯ થી મંજુર કરવામાં આવેલ છે અને તે મુજબ ઈજારદાર ધ્વારા સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ અને તેના ભાગ રૂપે પાઈલ લોડ ટેસ્ટની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેના પરિણામોને આધિન સ્ટ્રકચરલ ડીઝાઈન મળ્યેથી સ્થળે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી આ કામના ઈચા. હોવા છતાં આવો બાવીસ માસ પછી પણ વાહીયાત બેજવાબદાર કારણો જણાવી છટકવાની અને ઈજારદારને છાવરતી ચાલાકી કરી રહયા હોય અને સોંપેલ ફરજ બેજવાબદારી ભરેલ હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તાપી નદીની અડાજણ બાજુ કેબલ સ્ટેઈડ બ્રીજની કિનારાની રેવન્યુ જમીન સર્વે નં.૬૦૨, ૬૮૬,૬૮૭, ૬૮૮,૬૮૯ વાળી કુલ ૩૬૫૫ ચો.મી. અને ૨. સર્વે નં.૭૦૩/અ ની ૩૭૬૫ વાળી જમીન રીક્રીએશન ઝોનમાં હોવાથી જમીન માલિકોને જમીન અદલા બદલી કરવાનો પ્રશ્ન જ નથી કારણ કે જમીન સંપાદન રીપોર્ટ અનુસાર સદર જમીન કુલ ૭૪૨૦ ચો.મી. ફરજીયાત સંપાદન ધારા હેઠળ આવતી હોવાથી તાપી કેબલ સ્ટેઈડ બ્રીજ તૈયાર કરવા સ્થાયી. સમિતિ ધ્વારા જમીન સંપાદન અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૩૭૧ તા.૨–૧૧–૧૧ થી અરજદારશ્રીની સદરહુ માહિતી અન્વયે સ્થા. સ. ધ્વારા તા.૧૨–૮–૧૧ ની સભામાં ઠરાવ નં.૧૦૯૧ /૨૦૧૧ ની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) જમીન સંપાદન ધારા હેઠળ અમીર અને ગરીબ ખેડુતની જમીન જતી હોય તો પછી આ જમીન બિલ્ડર જયરામ પદમશીની હોય એટલે સ્થા. સ. અધ્યક્ષ વ્યવહાર કરવા અદલા બદલી જમીન કરવા માંગતા હોય તો તે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ સદરહુ મુદ્દા અન્વયે જણાવવાનું કે ઉકત ઠરાવ મુજબ બિલ્ડર જયરામ પદમશી સાથે અદલા બદલીની જમીન ફાળવવાનું સ્થા. સ. ધ્વારા ઠરાવવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સ્થા. સમિતિના અધ્યક્ષ સુમપાને પોતાની પેઢી સમજીને ગોળ અને ખોળ અને એ પણ સને ૧૯૪૯ ના બીપીએમસી એકટના સંપાદન ધારો ચલાવવા માંગતા હોય તો તે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૫) ઉધના બ્રીજની સમય મર્યાદા પૂરી થયેલ હોય કોન્ટ્રાકટર ઈજારદારની ડીપોઝીટ જપ્ત

કર્યા અંગેની માહિતી. મુદ્દા નં.(૬) સ્થા. સ. ના અધ્યક્ષ હોવા છતાં અઠવાબ્રીજ અને અમરોલી બ્રીજ હોનારત અંગેની પોલીસ ફરીયાદ કોન્ટ્રાકટર વિરુધ્ધ ન આપવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજુરાગેટ ફલાયઓવર બ્રીજ તથા અમરોલી બ્રીજની દુર્ઘટના બાબતે સબંધિત પોલીસ સ્ટેશનમાં રીપોર્ટ કરવામાં આવેલ હતાં. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મજુરાગેટ ફલાય ઓવરમાં મે. કમિ.શ્રીએ પોલીસ ફરીયાદ કરેલ અને શ્રી ભરત એમ. શાહને સસ્પેન્ડ કરેલ પરંતુ અમરોલી બ્રીજ દુર્ઘટના બાબતે શ્રી જે.એમ. શાહ કે સ્થા. સ. ના અધ્યક્ષ કે મે. કમિ.શ્રીએ પણ પોલીસ ફરીયાદ આપેલ નહીં જેથી આવી બોગસ માહિતી અરજદારને આપી ગેરમાર્ગે દોરવાનો જાહેર માહિતી અધિકારીએ પ્રયત્ન કરેલ છે. મુદ્દા નં.(૭) સૈયદપુરા વિસ્તારના ડોર ટુ ડોર ગાર્બેજ ઈજારદાર ભુમિકા ટ્રાન્સફર નિષ્ફળ ગયેલ હોય જેનો કોન્ટ્રાકટ કેન્સલ કરવા અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી સૈયદપુરા સહિત સમગ્ર સેન્ટ્રલઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીમાં ભુમિકા ટ્રાન્સપોર્ટ નામની એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે જે ટ્રાન્સપોર્ટની માહિતી માંગેલ જે પૂરી પાડેલ નહીં હોવાનું જણાવેલ છે. તેમજ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૦૬ તા.૨૧–૯–૧૧ થી માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. વધુમાં મુદ્દા નં.૪ અંગે અરજદારે કોઈ ચોકકસ કેસ–ઘટનાનો સંદર્ભ આપી સ્પષ્ટ માહિતી માંગેલ નથી. કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી માહિતી છે તે કયા ખાતા/વિભાગની છે તે સંદિગ્ધ હોઈ માહિતી આપવાનો કેસ બનતો નથી તેમ છતાં અરજદારે પૂર્વ સંદર્ભે આપેલ માહિતીના અરજીના મુદ્દા નં.૧ થી ૪ માં લાગત જાહેર માહિતી અધિકારીએ દફતરી માહિતી આપેલ જણાય છે. જયારે મુદ્દા નં.૫ અંગેની માહિતી બ્રીજ સેલ તરફથી પૂરી પાડયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૫ અંગે નહીં પૂરી પડાયેલ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બ્રીજસેલને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બીઆરટીએસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) , ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી........જાણ તથા અમલ માટે

(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,